તા. ૨૧/૦૨/૨૦૨૪

| અગ્રતા ક્રમાંક | તારાંકિત પ્રશ્ન ક્રમાંક | મુખ્ય પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી / પ્રશ્નની વિગત | પૂરક પ્રશ્ન ક્રમાંક | પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૦૫ | ૧૫/૪/૨૨૪૨ | ઊંઝા એ.પી.એમ.સી.માં સેસ કૌભાંડ | ૩ | શ્રી સરદારભાઇ ચૌધરી– ખેરાલુ |

| પૂરક પ્રશ્ન ક્રમાંક | અગ્રતા ક્રમ –૦૫<br>પુરક પ્રશ્ન આપેલ ધારાસભ્યશ્રીનું નામઃ– શ્રી સરદારભાઇ ચૌધરી– ખેરાલુ |
|---|---|
| પ્રશ્ન–૩ | એ.પી.એમ.સી. ઉંઝા દ્વારા ડાયરેક્ટ એક્સપોર્ટ કરીએ છીએ કે કેમ? કેટલો જથ્થો અને રકમ ? તેમજ એ.પી.એમ.સી. ઉંઝામાં કોમન ફેસીલીટી સેન્ટર, ટેસ્ટીંગ લેબ અને ખેડૂતો માટે કઈ કઈ વેલ્ફેર એક્ટીવીટી કરવામાં આવે છે? |
| જવાબ–૩ | માનનીય અધ્યક્ષશ્રી,<br>➢ ના. એ.પી.એમ.સી. ઉંઝા પોતે ડાયરેક્ટ એક્સપોર્ટ કરતી નથી પરંતુ બજાર સમિતિના વેપારીઓ મારફત એક્સપોર્ટ થાય છે. જે આશરે રૂ.૧૦,૦૦૦ કરોડનું થાય છે.<br>➢ જયારે એ.પી.એમ.સી. ઉંઝામાં ઓક્શન શેડ, એ.સી.ભોજનાલય, રેન બસેરામાં એલઈડી ટીવીની બેઠક વ્યવસ્થાની સુવિધા સાથે, ઠંડા મિનરલ પાણીની પરબો, અદ્યતન સેનીટેશન સુવિધાઓ, ખેડૂત સેમીનાર હોલ જેવી કોમન ફેસીલીટી ઉપલબ્ધ છે. આ ઉપરાંત સોઈલ ટેસ્ટીંગ લેબૉરેટરી તથા વોટર અને સ્પાઈસીસ લેબની સુવિધા પણ ઉપલબ્ધ છે.<br>➢ તથા બજાર સમિતિ, ઉંઝામાં<br>• (૧) ૨૪ X ૭ એમ્બ્યુલન્સ સુવિધા<br>• (૨) બજાર વિસ્તારના ખેડૂતો માટે રૂ.૨ લાખ અકસ્માત વિમા સહાય<br>• (3) ખેડૂતોના બાળકો માટે રાહત દરે ઉચ્ચ ગુણવતાવાળી નોટબુક–ચોપડાનું વિતરણ<br>• (૪) તાલુકાના કુપોશિત બાળકો અને ટીબીના દર્દીઓને નિઃશુલ્ક પોષણ કીટનું વિતરણ<br>• (૫) ઉનાળાની સીઝનમાં મફત છાશનું વિતરણ તથા<br>• (૬) આરોગ્ય અને સુખાકારી માટે ફિઝીયોથેરાપી સેન્ટર ચલાવવામાં આવે છે. |